# જિલ્લામાંથી ૧ ૩૦૦ તાવના દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૪

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ૪૭ ટકાથી પણ વધુ સંપન્ન થઈ ગઈ છે. આ કામગીરી હજુ ત્રણ દિવસ વધુ ચાલશે.

જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા ૫.૭૫ લાખ લોકોને સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે. તો એક લાખથી પણ વધુ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે.

આજે ત્રીજા દિવસે તંત્રની ટીમો દ્વારા ૧,૫૭,૬૯૯ લોકોને

**૩૪૦૦થી વધુ સ્થાનો પર પોરાનાશક કામગીરી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન જ તંત્ર દ્વારા કરાઈ**

સર્વેમાં આવરી લઈ ૩૧૦૩૮ ઘરોનો સર્વે કરાયો હતો. તંત્રની ટીમોને ૩૮૯ તાવના દર્દી મળતાં તેમના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

ત્રણ દિવસમાં જિલ્લામાં ૧ ૩૦૦થી વધુ તાવના દર્દી શોધી અને લોહીના નમૂના મેળવ્યા છે. તો આજે બે દિવસની તુલનામાં મચ્છરોના બ્રીડીંગ મળવાની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે.

આજે ૧૦૮૯ સ્થાનોએથી મચ્છરોના પોરા મળતાં તંત્ર દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. આમ ત્રણ દિવસમાં જ ૩૪૦૦થી વધુ સ્થાનો પર પોરાનાશક કામગીરી કરવામાં આવી છે.

૨૦૨૨માં મેલેરિયા મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે આગળ વધી રહેલ તંત્રએ ત્રણ તબક્કામાં આવા વર્ષ દરમ્યાન સર્વેલન્સની કામગીરી કરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં જ તંત્રએ જે રીતે પોરાનાશક કામગીરી કરી છે અને તાવના દર્દીઓ શોધી લોહીની તપાસ હાથ ધરી છે તે જોતાં આ વખતે મેલેરિયા અને ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોને નિયંત્રિત કરવામાં તંત્રને સારી સફળતા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

# કલોલ હાઈવે પર કોમી તોફાન

**હોટલ સિંદબાદ પાસે હાઈવે ઉપર ૫૦૦ થી ૭૦૦નું ટોળુ ઉતરી આવ્યુ : પાર્કીંગમાં પડેલા વાહનો, દુકાનો, અવર-જવર કરતા વાહનચાલકો ઉપર પથ્થરમારો શરૂ કરીને તોડફોડ કરી મુકી : પોલીસના વાહનો પર પણ પથ્થરમારો : ટીયરગેસના સેલ છોડવા પડ્યા : ૨૦થી વધુની અટકાયત : ભારેલા અગ્નિ જેવી સ્થિતિ : જિલ્લાની પોલીસ ખડકી દેવાઈ : ડીવાયએસપી સહિત અન્ય ઘાયલ**






ગાંધીનગર, તા. ૪

જિલ્લાના કલોલ પંથકમાં છેલ્લા ઘણા સમયથી કોમી વાતાવરણ તંગદીલીભર્યુ છે. ગઈ રાત્રે બે યુવાનો ઉપર હુમલાની ઘટના બાદ આજે સવારે ફરી કોમી તોફાનો શરૂ થઈ ગયા હતા. ૫૦૦ થી ૭૦૦ મુસ્લીમોના ટોળા હાઈવે ઉપર પથ્થરો અને હથિયારો લઈને ઉતરી આવ્યા હતા. સિંદબાદ હોટલ સામે ટોળાએ હાઈવે પર અવરજવર કરતા વાહનચાલકો પર પથ્થરમારો કરી આસપાસની દુકાનો તથા પાર્કીંગમાં પડેલા વાહનોમાં પણ તોડફોડ કરી મુકી હતી. જિલ્લાભરની પોલીસ સ્થળ પર ખડકી દેવામાં આવી હતી અને બેકાબુ બનેલા ટોળા ઉપર ટીયરગેસના સેલ છોડી લાઠીચાર્જ કરવાની પોલીસને જરૂર પડી હતી. ભારે જહેમત બાદ પોલીસ મામલો થાળે પાડી શકી હતી. જો કે હજુ આ પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. પોલીસના વાહનોમાં પણ તોડફોડ થઈ હતી. પોલીસે ૨૦ થી વધુની અટકાયત કરી સઘન પોલીસ પેટ્રોલીંગ ગોઠવી દીધુ છે. આ તોફાની તત્વો સામે કડક પગલા લેવા પોલીસે કવાયત શરૂ કરી છે. આ ઘટનામાં કલોલ ડીવાયએસપી સહીત સાત વ્યક્તિઓ ઘાયલ થયા છે.

કલોલ-મહેસાણા હાઈવે ઉપર સિંદબાદ હોટલની સામે આજે સવારે દસેક વાગ્યાના અરસામાં ૫૦૦ થી ૭૦૦ મુસ્લીમોનું ટોળુ હાઈવે પર આવી ચઢ્યુ હતુ અને કોઈ કારણોસર હાઈવે પર અવરજવર કરતા વાહનચાલકો ઉપર પથ્થરમારો કરીને રોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ આ ટોળુ આસપાસના કોમર્શીયલ સંકુલ બહાર પાર્ક થયેલા વાહનો પાસે પહોંચ્યા હતા અને વાહનોમાં તોડફોડ શરૂ કરી મોટુ નુકશાન કર્યુ હતુ. વાહનોમાં તોડફોડ કરીને ટોળાએ શુકન કોમ્પલેક્ષની દુકાનોને ટાર્ગેટ કરી

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની સામાન્ય સભામાં રોડ વાઈડનીંગ અને ટાંકાના કામની ગુણવત્તાનો મુદ્દો ચમક્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં મનપાના મોનીટરીંગ અને નબળી ગુણવત્તાવાળુ કામ થતા હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરાયો હતો.

**એજન્ડા પરના કામોને સર્વસંમતિથી બહાલી : અનફીટ કર્મચારીના પરિવારમાંથી નોકરી આપવાના પ્રસ્તાવમાં કોંગ્રેસના સૂચનનો અભ્યાસ કર્યા બાદ આમેજ કરવા વિચારણા કરાશે**

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલ સામાન્ય સભામાં એજન્ડા પરની બન્ને બાબતોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. અનફીટ કર્મચારીના પરિવારમાંથી રહેમરાહે નોકરી આપવાના મુદ્દે કોંગ્રેસ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ સફાઈ કામદાર જ નહિ પણ વર્ગ-૩ અને ૨ ના કર્મચારીઓને સમાવવાની વાત રજુ કરી સૂચન કર્યુ હતુ.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યુ હતુ કે આ બાબતે અન્ય મનપાએ લીધેલા નિર્ણયો અને સરકારના શહેરી વિકાસ વિભાગે આ બાબતે જો કોઈ માર્ગદર્શિકા આપતી સૂચનાઓ આવી હશે તો તેના અભ્યાસ સામે જરૂર પડ્યે નવી દરખાસ્ત લાવવામાં આવશે.

કોંગ્રેસના જીતુ રાયકાએ ગોકુળપુરામાં આર.સી.સી.ના રોડ બનાવવાની કામગીરીને આવકારી તંત્રને અભિનંદન આપ્યા હતા. જો કે તેમણે એવી ફરીયાદ કરી હતી કે આર.સી.સી.ના રોડનું વાઈડનીંગ કામ કરવામાં ન આવતુ હોવાથી તે કામ પર વિપરીત અસરો થવાનો ભય છે. આ માટે તંત્રએ અસરકારક મોનીટરીંગ કરી અને રોડ વાઈડનીંગની કામગીરી કરાવવી જોઈએ.

તેમણે ગાંધીનગરના એક માર્ગને ડૉ. આંબેડકર નામાભિધાન કરવુ જોઈએ તેવી માંગણીનો ઉલ્લેખ કરી શહેરી વિકાસ વિભાગે જે માંગણી અંગે કોર્પોરેશનને જરૂરી કાર્યવાહી કરવા સૂચવ્યુ છે તે ઝડપથી કરવા માંગ કરી હતી. મેયર પ્રવિણ પટેલે જણાવ્યુ કે શહેરના તમામ રસ્તાઓ માર્ગ-મકાન વિભાગ હસ્તક છે અને તે વિભાગનું ધ્યાન દોરવામાં આવશે.

કોંગ્રેસના હસમુખ મકવાણાએ પણ ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલા અન્ડરગ્રાઉન્ડ ટાંકાઓના કામની ગુણવત્તા અંગે ફરિયાદ કરતાં મેયરે તાબડતોબ આ માટે નમુના મેળવી અને ચકાસણી કરાશે તેવી ખાતરી આપી હતી.

## મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન. મોદીની સેવાઓને ફૂલડે વધાવતા કાઉન્સીલરો



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે કમિશ્નર તરીકે ડી.એન. મોદીએ કરેલી કામગીરીને આજે બન્ને પક્ષના કાઉન્સીલરોએ ફૂલડે વધાવી હતી.

તાજેતરમાં રાજ્ય સરકારે કરેલા અધિકારીઓની બદલીના હુકમોમાં ગાંધીનગર મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીની બદલી ડી.ડી.ઓ. ખેડા તરીકે કરવામાં આવી છે. આજે તેમની ઉપસ્થિતિની આખરી સામાન્ય સભામાં સભ્યોએ તેમનુ સન્માન કરી અને સેવાઓને બિરદાવી હતી. મેયર પ્રવિણ પટેલ ઉપરાંત પૂર્વ મેયરો મહેન્દ્રસિંહ રાણા, શ્રીમતિ હંસાબેન મોદી, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુભાઈ રાયકા, ચિમનભાઈ વિંઝુડા, ધીરૂભાઈ ડોડિયા, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલ, વર્તમાન મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત સૌએ તેમની સેવાઓને બિરદાવી હતી એટલુ જ નહિ ઝડપી નિર્ણય કરી તંત્રને પ્રજાભિમુખ કરવાના અભિગમને તેમજ આર્થિક સ્થિરતા માટે નવા આવકના સ્ત્રોતો વિકસાવવાની સૂઝને સૌએ બિરદાવી હતી.

આ સભામાં સભ્યો તરફથી મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીને સ્મૃતિચિહ્ન પણ આપવામાં આવ્યુ હતુ.

# રાજદ્રોહ કેસ મામલે હાર્દિક સામે જામીનપાત્ર વોરંટ જારી થયું

અમદાવાદ,તા. ૪

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન ઉશ્કેરણીજનક ભાષણો કરી રાજયમાં હિંસા, તોડફોડ અને કોમી વૈમનસ્ય ફેલાવવાના ચકચારભર્યા રાજદ્રોહના કેસમાં આજે અત્રેની સેશન્સ કોર્ટે પાટીદાર નેતા અને પાસના કન્વીનર હાર્દિક પટેલ વિરૂધ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યુંહતું. રાજદ્રોહના કેસની સુનાવણી દરમ્યાન આજે હાર્દિક પટેલ અદાલત સમક્ષ હાજર નહી રહેતાં કોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને હાર્દિક પટેલના આ વલણ પરત્વે ભારોભાર નારાજગી વ્યકત કરી હતી. કોર્ટે આગામી મુદતે તા. ૨૫મી એપ્રિલના રોજ આરોપી હાર્દિક પટેલને ખાસ અદાલત સમક્ષ હાજર રહેવા પણ કડક આદેશ કર્યો હતો. એ દિવસે રાજદ્રોહ કેસમાં ચાર્જફ્રેમની મહત્વની કાર્યવાહી હાથ ધરાય તેવી પૂરી શકયતા છે. સેશન્સ કોર્ટે હાર્દિક પટેલ વિરૂધ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યા બાદ હાર્દિક પટેલ તરફથી ત્રણ જુદી જુદી અરજીઓ કરી આ કેસનું કામ તાત્કાલિક બોર્ડ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં,
આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮,
ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે,
ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮



સૂકાયા વૃક્ષો - ધોમધખતા તાપને પગલે વૃક્ષો પણ સૂકાઈ રહ્યા છે... હજુ તો પાનખર ધીમે પગલે વિદાય લઈ રહી છે ત્યાં જ આરંભાતો તાપ - તડકો લીલાછમ વૃક્ષો પર ભારે અસર કરે છે... ગાંધીનગરના કેટલાક વૃક્ષો તો સાવ જાણે અસ્તિત્વની સામે ઝઝુમતા હોય એવી હાલતમાં દેખાય છે... આમ છતાં તડકી - છાંયડી પરવા કર્યા વિના અસ્તિત્વને ટકાવી રાખી પુનઃ આવતીકાલને લીલીછમ કરવાના મનોરથ સાથે અડીખમ ઉભા છે... સૂર્યાસ્ત અને સૂર્યોદય નિત્ય ક્રમ હોવાથી એ બંને ઘટનાઓમાંથી અસ્તિત્વના પાઠ અનુસરતુ વૃક્ષ માનવજાતને મોટો સંદેશ આપે છે...

# શહેરના 'ઘ' અને 'ચ' માર્ગનુ ૧૦ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

**સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા બાદ હવે મુખ્ય માર્ગોને પણ ચકાચક બનાવાશે**

ગાંધીનગર તા ૪

શહેરના ઘ અને ચ માર્ગના રીસરફેસીંગનુ કામ ટુંકમાં હાથ ધરાશે. શહેરના સેકટરોમાં પાંચ વર્ષના લાંબા સમયગાળાના અંતે માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યા બાદ નગરના મુખ્યમાર્ગોની સુધારણા હાથ ધરવામાં આવશે. શહેરના ઘ અને ચ માર્ગને અનુલક્ષી અંદાજિત રૂ ૧૦ કરોડના ખર્ચે મુખ્યમાર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવશે.

શહેરમાં પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ સેકટરોના આંતરિક માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. સેકટરોમાં ગત ચોમાસાના અંતે આંતરિક માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. જયારે માર્ગોની હાલત અત્યંત કંગાળ હોવાના લીધે આંતરિક રસ્તાઓ પર માર્ગ સલામતી પણ જોખમાઈ હતી. સેકટરોના આંતરિક માર્ગો પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવતા સેકટરવાસીઓ માટે માર્ગો જોખમી બન્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# સરગાસણ પાસે ફલાયઓવરના નિર્માણ પુર્વે પાણી-ગટર લાઈનનો અભ્યાસ કરાશે

ગાંધીનગર તા ૪

શહેરમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આંતરિક માર્ગોની સુધારણાના અંતે નગરના મુખ્યમાર્ગોનુ કામ પણ હવે હાથ ધરાશે. જયારે ગાંધીનગર શહેરી રોડ નેટવર્ક ઉપરાંત ટવિન સીટી તરીકે ઉભરતા ગાંધીનગર અમદાવાદના ટ્રાફિક રોડ નેટવર્કને અનુલક્ષી ગાંધીનગર અમદાવાદને જોડતા માર્ગના રૂટમાં બાકી રસ્તાને સિકસલેન બનાવી વિવિધ ઠેકાણે ફલાયઓવર બનાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. કેન્દ્ર સરકારે આ પ્રોજેકટને અનુલક્ષી ખર્ચની રકમ પણ મંજુર કરી દીધી છે. ત્યારે પ્રોજેકટની કામગીરી પુર્વે રૂટમાંથી પસાર થતી પાણી ગટર સહીતની ઉપયોગી લાઈનને અન્ય જગ્યાએ ખસેડવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

શહેરના આંતરિક માર્ગોની સુધારણા અને મુખ્ય માર્ગોને પણ યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે.

સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્ય માર્ગોના રીસરફેસીંગનુ

**માર્ગના રૂટમાં આવતી ઉપયોગી લાઇનને અન્યત્ર ખસેડવામાં આવશે**

કામ પણ ટુંકમાં હાથ ધરાશે. જયારે સેકટરોમાં વધતા વાહનોની સંખ્યા સાથે શહેરના માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. આવા સંજોગોમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવાની તાતી અનિવાર્યતા પણ ઉભી થઈ છે. જયારે શહેરી રોડ નેટવર્ક સાથે ગાંધીનગર અમદાવાદને જોડતા એસ જી હાઈવેને પણ ટ્રાફિકને ધ્યાને લઈ અપગ્રેડ કરવામાં આવશે. આ પ્રોજેકટને અનુલક્ષી ગાંધનગરના પ્રારંભે ઘ-૦ , સરગાસણ ચોકડી તેમજ ઉવારસદ પાસે ફલાયઓવર બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જયારે આ માર્ગનુ કામ શરૂ કરતા પુર્વે આ રૂટમાં આવતી યુટીલીટીઝ લાઈનને પણ ચકાસવી તેમજ અન્યત્ર ખસેડવાની અનિવાર્યતા ઉભી થઈ છે. માર્ગ અપગ્રેડેશન માટે નીચેથી પસાર થતી પાણી, ગટર સહીતની જરૂરી લાઈનને નુકશાન થાય તે માટે તંત્ર કક્ષાએ પુર્વ આયોજન કરી આ લાઈનને યોગ્ય જગ્યાએ ખસેડવા માટે પણ આયોજન કરવામાં આવે છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ મામલે ટુંકમાં અભ્યાસ હાથ ધરી આ રૂટમાંથી પસાર થતી લાઈનને ખસેડવા માટે આયોજન કરવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com